

છ મહિના માટે ઘરથી દૂર,

મનગમતા દેશમાં રહેવાની તક મળે તો...?

માણસ હંમેશાં કાંઈક નવો અનુભવ કરવા માંગતો હોય છે. ઘણાને અલગ અલગ દેશની સંસ્કૃતિને જાણવામાં ઇન્ટરેસ્ટ હોય છે. ઘણા લોકોને નવી નવી જગ્યાઓ પર ફરવાનો શોખ હોય છે તો ઘણાને નવી જગ્યાઓ પર નોકરી કરવાનો, નવી નવી ભાષાઓ શીખવાનો શોખ હોય છે. આવી સ્થિતિમાં જો તમને છ મહિના માટે વિદેશમાં કોઈ એક કન્ટ્રીમાં રહેવા માટેની તક આપવામાં આવે તો તમે ક્યાં જઈને રહેવાનું પસંદ કરશો? આ સવાલ આજના જમાનાના પ્રવાસીઓ માટે ક્યાં ફરવા જવું પૂરતો નથી ત્યાં તમે શું એક્સપ્લોર કરશો? તે છે. દરેક દેશની કોઈ ને કોઈ ખાસિયત છે. કોઈ કન્ટ્રીને કુદરતે અદભુત સૌંદર્ય આપ્યું હોય, કોઈ દેશની રહેણીકરણી, સંસ્કૃતિ રસપ્રદ હોય, કોઈ દેશ શાંતિપ્રિય હોય તો કોઈ દેશના લોકોનો નેચર ખૂબ પ્રેમાળ હોય. તો આવી ખાસિયતો વચ્ચે સુરતની કેટલીક વ્યક્તિને તક મળે તો તમે ૬ મહિના માટે કઈ કન્ટ્રીમાં રહેવાનું પસંદ કરશો આ સવાલ કરાયો ત્યારે તેમણે જે જવાબ આપ્યા તે અમે તમારી સમક્ષ એમના જ શબ્દોમાં મૂકીએ છીએ...

દુનિયાના સૌથી સુખી ગણાતા ફિનલેન્ડ દેશમાં પ્રકૃતિની વચ્ચે છ મહિના રહેવાનું પસંદ કરીશ: ડૉ. કેયૂર માવાણી



''વ્યવસાયે નેચરોપથી ડોક્ટર છું, દર્દીઓની સેવામાં વ્યસ્ત રહેતો હોઉં છું એવામાં ક્યારેક મને નેચરની વચ્ચે રહીને મારો પોતાનો સમય વિતાવવાની ઈચ્છા થતી હોય છે. હું ક્યારેક ક્યારેક તળાવોની આસપાસની આંખોને નયનરમ્ય લાગે તેવી ગ્રીનરીવાળી જગ્યા પર શાંત ચિત્તે સમય વિતાવવાનું પસંદ કરું છું એટલે જો મને છ મહિના કોઈ કન્ટ્રીમાં રહેવાનો મોકો મળે તો હું દુનિયાના સૌથી સુખી ગણાતાં ફિનલેન્ડ કન્ટ્રીમાં જવાનું પ્રિફર કરીશ. આ દેશને હજારો તળાવોની ભૂમિ પણ ગણવામાં આવે છે. ત્યાં હું ગાઢ જંગલો, તળાવના કિનારા પર ફરવાનું પસંદ કરીશ. આ દરમિયાન ત્યાં હેલ્થ કેરના ફિલ્ડમાં થોડા સમય માટે નોકરી કરીશ અને છ મહિના ત્યાં રહેવાનો ખર્ચ આ નોકરીની સેલેરીમાંથી કાઢીશ.'' આ શબ્દો છે પાલનપુર પાટિયા વિસ્તારમાં રહેતાં 52 વર્ષીય ડૉ. કેયૂર માવાણીના. તેમણે જણાવ્યું કે, ''હું મારા જીવનમાં આજ સુધી વિદેશ ફરવા નથી ગયો. જો મને વિદેશ જવાની તક મળશે તો હું ઉત્તર યુરોપમાં સ્થિત ફિનલેન્ડમાં જવાનું પસંદ કરીશ. આ કન્ટ્રીમાં ફરવાનું મારું વર્ષો જૂનું સપનું છે. મેં ફિનલેન્ડ કન્ટ્રી વિશેની ઘણી માહિતી ગૂગલ પર સર્ચ કરી છે. અહીં એક લાખ 87 હજાર કરતાં પણ વધુ તળાવો છે અને એક લાખ 80 હજાર ટાપુઓ છે. તેને હજારો તળાવોનો દેશ કહેવાય છે. આ દેશનો 70%થી વધુ ભાગ ગાઢ જંગલોથી ઘેરાયેલો છે. અહીં ઉનાળામાં લગભગ 24 કલાક સૂર્ય દેખાય છે. આ અદ્ભુત નજારો મારે જોવો છે. એવું માનવામાં આવે છે કે સાન્તા ક્લોઝ ફિનલેન્ડના લેપલેન્ડ વિસ્તારમાં રહે છે. જો ત્યાં જવાનું મળશે તો ઇન્ડિયામાં પાછા ફરીને લોકોને વટથી કહીશ કે હું તો સાન્તાક્લોઝના ગામમાં જઈને આવ્યો. આ તો હું જસ્ટ મજાક કરી રહ્યો છું પણ હા, લેપલેન્ડમાં હું ચોક્કસ જઈશ. આપણને અહીં ભ્રષ્ટાચાર થાય છે ત્યાં થાય છે એવું સાંભળવા મળે છે પણ ફિનલેન્ડ એવો દેશ છે જ્યાં ભ્રષ્ટાચાર નથી થતો. શુદ્ધ હવા, પાણી, ઉત્તમ આરોગ્ય સેવા મળે છે. આવા દેશમાં જવાનું કોને નહીં ગમે? બધાંને જ ગમશે. હેપ્પીનેસ રિપોર્ટ પ્રમાણે ફિનલેન્ડ દેશ દુનિયાનો સૌથી સુખી દેશ બન્યો છે. કશે પણ રહીએ ફરવાફરવા, ખાવા, પહેરવા, રહેવા માટે પૈસા તો જોઈએ એટલે હું ત્યાં હેલ્થ કેર સેક્ટરમાં 6 મહિના નોકરી પણ કરીશ જેથી મારો ત્યાં રહેવાનો ખર્ચો હું ઉઠાવી શકું. ફિનલેન્ડમાં રહેવા માટે તો હું ફિનિશ ભાષા પણ શીખી રહ્યો છું.''

હું ફેશન ડિઝાઇનર છું અને પેરિસ ફેશનનું હબ છે તો હું ત્યાં જવાનું પ્રીફર કરીશ: મીરાં હિરાની



''જો મને છ મહિના માટે કોઈ કન્ટ્રીમાં જવાની તક મળશે તો હું ફ્રાન્સની કેપિટલ સિટી પેરિસમાં જવાનું પસંદ કરીશ. પેરિસ ફ્રાન્સનું લાર્જેસ્ટ સિટી હોવાની સાથે તેનો એક ટેગ છે સિટી ઓફ લાઇફ. જ્યાં આર્ટ, કલ્ચર અને ફેશનને એક્સપ્લોર કરી શકો અને હું ફેશન ડિઝાઇનિંગ ફિલ્ડમાં છું એટલે હું પેરિસ જવાનું પસંદ કરીશ.'' આ શબ્દો છે પાલ ગૌરવ પથ રોડ વિસ્તારમાં રહેતાં 48 વર્ષીય મીરાં હિરાનીના. તેઓ શહેરની એક ફેશન ડિઝાઇનિંગ ઇન્સ્ટિટ્યુટમાં સેન્ટર મેનેજર છે. તેમણે જણાવ્યું કે, ''પેરિસ ફેશનનું ઓરિજિન છે. હું છ મહિના ત્યાં રહીશ તો ત્યાંના કલ્ચરનો, ફેશનનો અને આર્ટનો સ્ટડી કરીશ. હું ત્યાં આજ સુધી નથી ગઈ પણ મેં ફેશન ડિઝાઇનર તરીકે ઘણો સ્ટડી કર્યો છે. વર્લ્ડમાં ગ્લોબલ ઇન્ટરનેશનલ 5 ફેશન વીક થાય છે તેમાં ટોપ પર પેરિસ ફેશન વીક છે. હું ત્યાં જઈશ તો ત્યાંના ફેશન ડિઝાઇનર જે શો કેસ કરે છે તેના કલેક્શનનો સ્ટડી કરીશ. ફેશન ડિઝાઇનિંગના લેટેસ્ટ ટ્રેન્ડને સમજીશ અને તેમાંથી નોલેજ મેળવીશ જે અહીં સુરતના ફેશન ડિઝાઇનિંગના સ્ટુડન્ટ્સને આપીશ. પેરિસની સ્ટ્રીટ સ્ટાઇલ યુનિક દેખાય છે. ત્યાંના લોકો 20 વર્ષ 50 વર્ષ જૂની ફેશન સ્ટાઇલના ફેબ્રિક્સને આજની તારીખમાં રિયુઝ કરીને પહેરે છે. તેમની આ યુનિક સ્ટાઇલનો પણ હું સ્ટડી કરવા માંગું છું. ત્યાં ઘણાં ફેશન મ્યુઝિયમ છે તેને પણ હું એક્સપ્લોર કરીશ. પેરિસ કઈ રીતે ફેશનનું ઉદ્ગમ સ્થાન બન્યું તેની હિસ્ટ્રી મને અહીંના ફેશન મ્યુઝિયમમાંથી જાણવા મળશે. ત્યાંનું ફેશન કલ્ચર, તેઓ કયું મટિરિયલ યુઝ કરે છે, ફેબ્રિક ટેક્સચર ક્યાંથી આવ્યું, ફેબ્રિક પરનાં મોટિફ વિશે પણ માહિતી મેળવીશ. ત્યાં ઘણી લક્ઝરી બ્રેન્ડ છે તેને પણ એક્સપ્લોર કરવાની મારી ઇચ્છા આ દરમિયાન પૂરી કરીશ. ત્યાંના મોટા ફેશન ડિઝાઇનરને ફેશન વીક દરમિયાન મળવાની કોશિશ કરીશ અને તેમના ફેશન ડિઝાઇનિંગના આઇડિયા વિશે તેમની સાથે ડિસ્કશન કરીશ. જે મને ફ્યુચરમાં મારું ડિઝાઇન કલેક્શન લોન્ચ કરવાનું થયું તો કામમાં આવશે. આમ તો હું લંડન ફરી છું, લંડનમાં તો મેં થોડો ઘણો સ્ટડી પણ કર્યો છે. હું બેંગકોક, વિયેતનામ, ઓસ્ટ્રેલિયા પણ ફરી આવી છું. પેરિસ હજુ નથી ગઈ એટલે ત્યાં જવાનું પ્રીફર કરીશ.''

ધરતીનું સ્વર્ગ જેને કહેવાય છે તેવા સ્વિત્ઝર્લેન્ડમાં જવાનું પ્રીફર કરીશ: રાજકુમાર નિરતી



''બરફથી ઢંકાયેલા આલ્પ્સ પર્વત, ખળખળ વહેતાં સુંદર મજાનાં ઝરણાં... ધરતી પર આવો નજારો જોવા મળે તો મન તૃપ્ત થઈ જાય. જેને ધરતી પરનું સ્વર્ગ કહેવાય છે એવા સ્વિત્ઝર્લેન્ડમાં કુદરતે ખોબે ખોબે ભરીને સૌંદર્ય પાથર્યું છે. આ સુંદરતાનો પર્યાય બનેલા સ્વિત્ઝર્લેન્ડમાં જવાનું પસંદ કરીશ.'' આ શબ્દો છે અડાજણ વિસ્તારમાં રહેતાં 28 વર્ષીય રાજકુમાર નિરતીના. તેઓ રેડિયેશન થેરાપીસ્ટ છે. રાજકુમારે જણાવ્યું કે, ''જો મને છ મહિના માટે કોઈ કન્ટ્રીમાં રહેવાનો મોકો મળે તો હું સ્વિત્ઝર્લેન્ડમાં છ મહિનાનો સમય ગાળવાનું પસંદ કરીશ. મારા બ્રધર ઇન લો અબુધાબીમાં જૉબ કરે છે. તેમણે મને સજેસ્ટ કર્યું હતું કે જો વિદેશ ફરવા જવાનો મોકો મળે તો સ્વિત્ઝર્લેન્ડ ફરી આવજે. સ્વિત્ઝર્લેન્ડનો મોટોભાગ આલ્પ્સના ઊંચા અને બર્ફીલા પહાડોથી ઘેરાયેલો છે એટલે ત્યાં એડવેન્ચર્સ માણવા મળે. અહીં બિનિવા, ત્યુસર્ન અને ઝુરિચ જેવાં અનેક કુદરતી તળાવો છે. આ તળાવોનું પાણી ખૂબ જ નીટ એન્ડ ક્લીન છે. લાઉટરબ્રુનેન જેવી ખીણોમાં 70થી વધુ ધોધ વહે છે. અહીંની હવા એકદમ શુદ્ધ છે એટલે પ્રદૂષણ નહિવત છે. કુદરતી સુંદરતાની સાથે અહીંની કાયદો અને વ્યવસ્થા, પરિવહન સુવિધા અને રહેવા-ખાવાની ઉત્તમ વ્યવસ્થા પ્રવાસીઓને કોઈ પણ ચિંતા વગર ફરવાનો આનંદ આપે છે. અહીંની સ્વાસ્થ્ય સેવા અને એજ્યુકેશન સુવિધા માટે સ્વિત્ઝર્લેન્ડને દાદ આપવી પડે. આપણે ત્યાં મંથલી સેલેરી મળે છે પણ સ્વિત્ઝર્લેન્ડમાં કલાકોની મહેનતના હિસાબે પગાર મળે છે. જો કે આ કન્ટ્રી આપણા ઇન્ડિયાની સરખામણીએ ખર્ચાળ ચોક્કસ છે પણ અહીંની માનવમૂલ્યવાળી વ્યવસ્થા આકર્ષણનું કેન્દ્ર છે. હું ત્યાં સ્થાનિક ભાષા લોકો પાસેથી શીખીને સ્થાનિક ભાષામાં લોકો સાથે વાતચીત કરવાનો પ્રયાસ કરીશ. ત્યાં બજારમાં ખરીદી કરવી, જાહેર પરિવહનની સેવાનો ઉપયોગ કરવો, સ્થાનિક તહેવારો માણવા અને રોજિંદા જીવનને નજીકથી જોવું આ બધું મારા ૬ મહિનાના પ્રવાસને યાદગાર બનાવશે.

હું બિઝનેસ વુમન છું, લંડન જઈને બિઝનેસ રિલેટેડ કોર્સ કરવાનું પ્રીફર કરીશ: પ્રશ્મિ શાહ



''હું બિઝનેસ વુમન છું. ડિજિટલ માર્કેટિંગનો મારો બિઝનેસ છે. જો મને ૬ મહિના માટે કોઈ કન્ટ્રીમાં જવાનો મોકો મળે તો હું U.K. ના કેપિટલ સિટી લંડન જવાનું પસંદ કરીશ. ત્યાં હું મારા બિઝનેસ રિલેટેડ ૬ મહિનાનો કોર્સ કરીશ અને લંડનમાં ફરવાલાયક સ્થળો એક્સપ્લોર કરીશ.'' આ શબ્દો છે વેસુ વિસ્તારમાં રહેતાં 25 વર્ષીય પ્રશ્મિ શાહના. તેમણે જણાવ્યું કે, ''જો મને લંડન જવાનો મોકો મળશે તો ત્યાં હું મારા ડિજિટલ માર્કેટિંગના કામને આગળ વધારીશ. હું ૬ વર્ષથી ડિજિટલ માર્કેટિંગના બિઝનેસમાં છું. લંડન જઈને મારો બિઝનેસ કઈ રીતે ગ્રો કરી શકાય તે માટે મારે શું શીખવું જોઈએ, લોકોને કેટલું વેલ્યુએબલ આપી શકું તેની વધારે સારી સ્કિલ શીખીશ. માર્કેટિંગ બિઝનેસ રિલેટેડ ૬ મહિના તથા એક વર્ષનો કોર્સ ત્યાં છે જે હું કરવા માંગીશ. લોકોને શું ગમે છે, માર્કેટિંગ ફિલ્ડ કેટલું વાસ્ટ છે અને તેનું ફ્યુચર શું હોઈ શકે આ બધાંમાં હું ડીપમાં જવા માંગું છું એટલે હું લંડન જવાનું પસંદ કરીશ. ત્યાં ટાવર ઓફ લંડન અને બ્રિટિશ મ્યુઝિયમ, બકિંગહામ પેલેસ, ટાવર બ્રીજ, વેસ્ટમિન્સ્ટર એબી, લંડન આઈ, ધ શાર્ડ વગેરે ફરવાલાયક સ્થળોને એક્સપ્લોર કરીશ. દેશની બહાર જઉં ત્યારે ત્યાંનાં ફરવાલાયક સ્થળોને જોવાની ઇચ્છા તો થતી જ હોય એટલે આ ઇચ્છા પણ હું પૂરી કરીશ. લંડનમાં સાયબર સિક્યુરિટી અને આઇટી ફિલ્ડનું સારું એજ્યુકેશન મેળવી શકાય છે, એવી જ રીતે ડિજિટલ માર્કેટિંગનો કોર્સ પણ થાય છે જે પૂર્ણ કર્યા બાદ ત્યાં ઇંટર્નશિપ પણ કરી શકાય. જો કે, મારો પોતાનો બિઝનેસ છે એટલે ઇંટર્નશિપ કરવી કે નહીં તેનો નિર્ણય મારા પર ડીપેન્ડ રહેશે. મારા ફ્રેન્ડ્સ અને ક્લિેટિઝ ત્યાં રહે છે તેઓ સાયબર સિક્યુરિટીના ફિલ્ડમાં છે. હું સ્વિત્ઝર્લેન્ડ, ફ્રાન્સ, એમસ્ટરડેમ ફરી છું પણ લંડન હજુ સુધી નથી ગઈ એટલે ત્યાં જવાની મારી ઇચ્છા છે.''

હું હીલર છું એટલે મને શાંતિ બહુ ગમે અને ઓસ્ટ્રેલિયામાં શાંત વાતાવરણ મળે છે: કવિતા ઠક્કર



''હું ટેરો રીડર પણ છું અને હીલર પણ છું. એને કારણે મને શાંત વાતાવરણ બહુ ગમે અને આવું વાતાવરણ ઓસ્ટ્રેલિયામાં મળે છે. ત્યાંનો એક કન્સેપ્ટ બહુ ઇમ્પ્રેસિવ છે અને તે છે ત્યાં સાંજના 5 વાગે એટલે શોપિંગ સેન્ટર, ઓફિસીસ, રેસ્ટોરન્ટ બધું જ શટડાઉન થવા લાગે અને લોકો સાંજના 5 થી 8 વાગ્યા સુધીનો સમય ફેમિલીને આપે છે. મને આ કન્સેપ્ટને કારણે જ ઓસ્ટ્રેલિયા 6 મહિના માટે પણ જવાનો મોકો મળે તો હું ત્યાં જઈશ.'' આ શબ્દો છે સિટીલાઇટ વિસ્તારમાં રહેતાં 40 વર્ષીય કવિતાબેન ઠક્કરના. તેઓ હીલર અને ટેરો રીડર છે. તેમણે જણાવ્યું કે, ''મને જો 6 મહિના કોઈ કન્ટ્રીમાં રહેવાનો મોકો મળે તો અફકોર્સ હું ઓસ્ટ્રેલિયા જવાનું પ્રીફર કરીશ. ઓસ્ટ્રેલિયાના એડીલેડમાં મારી દીકરી સ્ટડી કરે છે તેની પાસે હું ગયા વર્ષે ઓસ્ટ્રેલિયા ગઈ હતી ત્યારે મેં આ કોન્સેપ્ટનો અનુભવ કર્યો હતો. ત્યાંના લોકો શાંત છે, ડિસન્ટ છે અને ત્યાની વેધર પણ બહુ સારી છે. ત્યાં ડીસીપ્લીન પણ છે. ત્યાંના લોકો ફેમિલીને પહેલા ટાઇમ આપે પછી તેમનો પોતાનો પર્સનલ ટાઇમ હોય. ત્યાં સ્ટુડન્ટ્સ ધરાઈ છે એટલે મારું વિચારું તો મને સ્ટુડન્ટ્સ પાસેથી વર્ક ઓપર્ચ્યુનિટી ખૂબ મળશે. એ લોકોનું હીલિંગ હોય, ટેરો રીડીંગ હોય તો મારો બિઝનેસ વધારી શકીશ. અહીં પરિવારને વધારે ટાઇમ આપવાનું માનવામાં આવે છે જે જીવનમાં ઘણું મહત્ત્વનું છે. ત્યાંના લોકો ફેન્ડલી છે, સેફટી પણ છે. હું USA, સાઉથ આફ્રિકા, થાઇલેન્ડ ફરી આવી છું પણ મને ઓસ્ટ્રેલિયા વધારે ગમ્યું હતું. USA ખૂબ ક્રાઉડેડ છે, ત્યાંની લાઈફમાં ભાગમભાગી બહુ છે જ્યારે ઓસ્ટ્રેલિયામાં શાંતિ છે એટલે હું ઓસ્ટ્રેલિયા જવાનું પ્રીફર કરીશ.''

કેનેડામાં શિયાળાની ઠંડીનો અનુભવ કરવો છે, ત્યાં 6 મહિના માટે નોકરી કરવી છે : દિશા નવસારીવાળા



''કેનેડામાં ઘણા ગુજરાતીઓ રહે છે. મારી પણ ત્યાં થોડાક મહિના માટે રહેવાની ઇચ્છા છે. હું ત્યાં ૬ મહિના માટે નોકરી કરવા માંગું છું.'' આ ઇચ્છા નાનપુરા વિસ્તારમાં રહેતાં 33 વર્ષીય દિશા નવસારીવાળા દ્વારા વ્યક્ત કરવામાં આવી. તેઓ મેનેજર તરીકે એક શોપમાં નોકરી કરે છે. તેમણે જણાવ્યું કે, ''જો મને ૬ મહિના કેનેડામાં રહેવાનો મોકો મળશે તો સૌ પ્રથમ તો હું નાયગ્રા ધોધ (ફોલ્સ) જોવા જઈશ. આ ધોધના સૌંદર્ય વિશે મેં ઘણું સાંભળ્યું છે. હું આ ધોધને નજીકથી જોવા માંગું છું. ભલે છ મહિના માટે મને ત્યાં જવાનું મળે પણ હું ત્યાં એ છ મહિના નોકરી કરીશ. ખાસ તો ત્યાં વિન્ટરની સીઝનમાં જવાનું પસંદ કરીશ. સુરતમાં ઠંડી માણવા જ નથી મળતી કેમ કે અહીં કંઈ ખાસ ઠંડી નથી પડતી. મારે કેનેડાની ઠંડીનો અનુભવ કરવો છે. કેનેડાની અમુક વ્યવસ્થાઓ ગમે છે. ત્યાં એજ્યુકેશન ફીમાં મળે છે, આ દેશ સેક્ટીની દ્રષ્ટિએ સારો છે. ક્રાઇમ ત્યાં બહુ ઓછો છે એટલે ત્યાંની સિસ્ટમનો મારે અભ્યાસ કરવો છે એટલે પણ ત્યાં જવાની ઇચ્છા છે. મને ત્યાં એન્ટારિયો રાજ્યના ટોરોન્ટોમાં રહેવું છે કેમ કે ત્યાં ગુજરાતી સમુદાય વધારે છે. ઓટાવા, કેવબેક સીટી કેવાં છે તે જોવાનું પણ બહુ મન છે. દુનિયાના સૌથી મોટા બીજા નંબરનો દેશ કેનેડા છે. ત્યાંના લોકોની લાઈફ સ્ટાઇલ, ત્યાંના લોકોનો આતિથ્યભાવ, ત્યાંનાં સુંદર મકાનોમાં રહેવું એક રોમાંચક અનુભવ મારા માટે રહેશે. છ મહિના લાંબો સમય કહેવાય. આવામાં ત્યાં માત્ર ટુરિસ્ટ તરીકે નહીં પરંતુ થોડા સમય માટે સ્થાનિક જીવનનો ભાગ બનીને અનુભવ મેળવી શકાય છે. જે આવા પ્રવાસને યાદગાર બનાવે છે.''



સુરતના લોકોમાં હવે વિદેશના અલગ અલગ કન્ટ્રીઝમાં જવાનો ક્રેઝ વધવા લાગ્યો છે. એવું કહેવાય છે કે, સુરત હવે ભારતના વધતા જતાં આઉટબાઉન્ડ ટ્રાવેલ માર્કેટમાં મહત્ત્વનું શહેર બની રહ્યું છે. દરેકની કયા દેશમાં છ મહિનાનો સમય ગાળવો તેની ઓઇસ અને ઉદ્દેશ્ય અલગ અલગ જોવા મળી રહી છે. હવે સવાલ દેશનો નહીં અનુભવનો છે. કોઈ માટે શાંતિ અને કુદરત મહત્ત્વનું છે. કોઈ માટે નવી ભાષા શીખવી તો કોઈ માટે નવી સંસ્કૃતિ અને ત્યાંની જીવનશૈલી અનુભવવાનો ઉદ્દેશ્ય રહ્યો છે. આથી સવાલ માત્ર એટલો નથી કે 'કયા દેશમાં જશો?' પરંતુ એ પણ છે કે ' છ મહિના ત્યાં રહીને શું નવું શીખવા અને અનુભવવા માંગો છો?